# <u>રાધાનું નામ...</u>

રાધાનું નામ તમે, વાંસળીના સુર મહીં, વ્હેતું ન મેલો ઘનશ્યામ !
સાંજ ને સવાર નિત નિંદા કરે છે ઘેલું, ઘેલું રે ગોકુળિયું ગામ !
રાધાનું નામ...

વણગૂથ્યા કેશ અને અણઆંજી આંખડી, કે ખાલી બેડાની કરે વાત;
લોકો કરે છે શાને દિવસ ને રાતડી, મારા મોહનની પંચાત
વળી વળી નીરખે છે, કુંજગલી પૂછે છે, કેમ અલી? ક્યા ગઈ'તી આમ?
રાધાનું નામ...

કોણે મૂક્યું રે તારે અંબોડે ફૂલ, એની પૂછી પૂછીને લિયે ગંધ;
વહે અંતરની વાત એ તો આંખ્યુંની ભૂલ જો કે હોઠોની પાંખડીયો બંધ
મારે મોંએથી ચહે, સાંભળવા સાહેલી, માધવનું મધમીઠું નામ;
રાધાનું નામ...

*********